# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ડાંગથી 21મા શાળા પ્રવેશોત્સવનો આજથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે.**
- **રાજ્યમાં છેલ્લા 20 વર્ષમાં ધોરણ 1થી 8માં શાળા છોડવાનું પ્રમાણ 37.22 ટકાથી ઘટીને વર્ષ 2022-23માં 1.31 ટકા થયું**
- **'નમો લક્ષ્મી યોજના' અંતર્ગત અત્યાર સુધી રાજ્યની કુલ 11 હજાર 966 શાળામાંથી 4 લાખ 3 હજારથી વધુ વિદ્યાર્થિનીઓની અરજી માન્ય રખાઈ.**
- **ચોમાસામાં સંભવિત ભારે વરસાદની સ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકાર સજ્જ હોવાનું રાહત કમિશનરે જણાવ્યું.**
- **રાજ્યમાં આજથી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GNR SHALA PRAVESHOTTSAV

રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આજથી 21મા શાળા પ્રવેશોત્સવ કન્યા-કેળવણી મહોત્સવનો પ્રારંભ થશે. મુખ્યમંત્રી "ઉજવણી ઉલ્લાસમય શિક્ષણ"ના વિષય સાથે યોજાનારા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ડાંગ જિલ્લાના અંતરિયાળ સરહદી ગામ બિલિઆંબામાં બાળકોનો શાળા પ્રવેશ કરાવશે

મુખ્યમંત્રી બિલિઆંબા પ્રાથમિક શાળામાં 24 બાળકોને ધોરણ-એકમાં, 21 બાળકોને બાળવાટિકામાં અને સાત ભૂલકાંઓને આંગણવાડીમાં પ્રવેશ અપાવશે. બીજા દિવસે મુખ્યમંત્રી છોટાઉદેપુર તાલુકામાં અને 28મી જૂને સુરેન્દ્રનગરના થાન તાલુકામાં શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થશે.

જ્યારે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી બનાસકાંઠામાં, નાણાંમંત્રી કનુ દેસાઈ વલસાડમાં, આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ મહેસાણામાં, કૃષિ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલ રાજકોટમાં, ઉદ્યોગ તથા શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂત પાટણ જિલ્લાના સિદ્ધપુર અને સરસ્વતી તથા બનાસકાંઠાના પાલનપુર ખાતે, ગૃહ અને રમતગમત મંત્રી હર્ષ સંઘવી સુરતમાં, શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયા જૂનાગઢમાં, આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજી હળપતિ તાપી ખાતેના શાળા પ્રવેશોત્સવમાં જોડાશે.

સમગ્ર રાજ્યમાં આ ત્રિદિવસીય પ્રવેશોત્સવ દરમિયાન કુલ 32 લાખ 33 હજાર બાળકોનું શાળા નામાંકન કરવામાં આવશે. તેમાં બાલવાટિકામાં પ્રવેશપાત્ર 11 લાખ 73 હજાર, ધોરણ એકમાં પ્રવેશપાત્ર 3 લાખ 62 હજાર, ધોરણ આઠથી નવમાં પ્રવેશપાત્ર 10 લાખ 35 હજાર અને ધોરણ 10થી 11માં પ્રવેશપાત્ર 6 લાખ 61 હજાર વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવમાં પ્રવેશ અપાશે.

-----------------------------------------------------------------------

- Source – ptc – Gandhinagar – pravesh. -(નવીન)

# GUJ. CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રીમંડળની બેઠકમા લેવાયેલા નિર્ણયોની માહિતી સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટલે આપી હતી.. તેમણે કહ્યુ હતું કે, વર્ષ ૨૦૧૧થી અમલમાં આવેલી ગુજરાત સ્ટેટ લીટીગેશન પોલીસીમાં નવી જોગવાઇઓ ઉમેરાઈ છે. જેમાં અપીલમાં વિલંબ અટકાવવા રાજ્ય સરકારે મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને કમીટીનું ગઠન કર્યું છે અને  કમિટીનો નિર્ણય આખરી ગણાશે..

આ ઉપરાંત રાજ્યમાં ટ્રી કવર વધારવા ૨૦૦ કિમી લાંબા દ્વારકા-સોમનાથ દરિયાઇ ધોરી માર્ગની બંને બાજુ ૪૦,૦૦૦ રોપાઓનું વાવેતર કરવાનો પણ કેબિનેટે નિર્ણય કર્યો હોવાનુ કહ્યું હતું..

રાજકોટ ગેમઝોન મામલે પત્રકારોના પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપતા તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકાર આ સંવેદનશીલ મામલે કડક પગલાં ભરશે.

-------------------------------------------------------------------

-રીપીટ

# DROP OUT RATIO

રાજ્યમાં છેલ્લા 20 વર્ષમાં ધોરણ 1થી 8માં શાળા છોડવાનું પ્રમાણ 37.22 ટકાથી ઘટીને વર્ષ 2022-23માં 1.31 ટકા થયું છે. એમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે. વિભાગે જણાવ્યું કે, શાળા પ્રવેશોત્સવના કારણે રાજ્યમાં શૈક્ષણિક ક્ષેત્રે ક્રાન્તિ આવી છે. પ્રવેશોત્સવ શરૂ થયો તે પહેલા વર્ષ 2002-03માં ગુજરાતમાં ધોરણ એકમાં વિદ્યાર્થીઓનો નામાંકન દર 75.06 ટકા હતો. ધોરણ એકમાં નામાંકન દરને 100 ટકા સુધી પહોંચાડવા તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રવેશોત્સવનો પ્રારંભ થયો, જેના પરિણામે બીજા જ વર્ષે 2004-05માં નામાંકન દર વધીને 95.64 ટકાએ પહોંચ્યો. અત્યાર સુધી ધોરણ એકમાં વિદ્યાર્થીઓનો નામાંકન દર 100 ટકાની નજીક જ રહ્યો છે.

શિક્ષણ વિભાગે જણાવ્યું કે, ગુજરાતે સૌપ્રથમ A.I. એટલે કે, કૃત્રિમ બુદ્ધિમતાના ઉપયોગથી સ્વીફ્ટ ચેટ નામના લર્નિંગ સૉફ્ટવેર થકી એક કરોડ 50 લાખ લોકોએ સીધો લાભ પ્રાપ્ત કર્યો છે. તેમ જ ધોરણ 3થી 12ના વિદ્યાર્થીઓ માટે લર્નિંગ આઉટકમ આધારિત રિપોર્ટ કાર્ડ આપનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે. રાજ્યની 20 હજાર જેટલી શાળાઓને સ્કૂલ ઑફ એક્સલન્સમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે.

---

- SOURCE – GUJ. INFO. PRAVESH.

-(નવીન)

# Namo Lakshmi – Namo Saraswati Scheme

રાજ્યમાં શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટેની 'નમો લક્ષ્મી યોજના' અંતર્ગત અત્યાર સુધી રાજ્યની કુલ 11 હજાર 966 શાળામાંથી ચાર લાખ ત્રણ હજાર 168 વિદ્યાર્થીનીઓની અરજી માન્ય રાખવામાં આવી છે. જેમાં રાજ્યના કુલ 33 જિલ્લાઓમાંથી ડાંગ, સાબરકાંઠા, ખેડા, વડોદરા અને બનાસકાંઠાની શાળાઓએ મોટી સંખ્યામાં નોંધણી કરાવી છે.

જ્યારે 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યની 924 વિજ્ઞાનપ્રવાહ શાળાઓમાંથી 37 હજારથી વધુ વિદ્યાર્થીઓએ અરજી કરી છે. આ નોંધણીમાં છોટાઉદેપુર, બોટાદ, ડાંગ, તાપી અને બનાસકાંઠા જિલ્લાઓ મોખરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજનાનો લાભ લેનાર વિધાર્થીનીઓ ને જુલાઇ મહિનામાં સહાયની રકમ એક જ સાથે વિદ્યાર્થીના માતા અથવા વિદ્યાર્થીના ખાતામાં DBT દ્વારા જમા કરાવવામાં આવશે. જ્યારે લાભાર્થી વિદ્યાર્થિની સરકારની અન્ય યોજના હેઠળ સ્કોલરશિપના લાભ સાથે આ યોજનાનો વધારાનો લાભ પણ મેળવી શકશે. આ યોજનાઓના સુચારુ સંચાલન માટે "નમો લક્ષ્મી" અને "નમો સરસ્વતી" પોર્ટલ બનાવવામાં આવ્યા છે.

---

- મા ખા / જયેશ વેગડા

-(નવીન)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WEATHER WATCH BETHAK

રાજ્ય સરકાર ચોમાસામાં સંભવિત ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ હોવાનું રાજ્ય આપાતકાલિન સંચાલન કેન્દ્ર ગાંધીનગર ખાતે યોજાયેલી વેધરવૉચ ગૃપની સમીક્ષા બેઠકમાં રાહત કમિશનરે જણાવ્યું હતું.

આ બેઠકમાં હવામાન વિભાગ અને ભારતીય અંતરીક્ષ અનુસંધાન સંસ્થા – ઈસરોના અધિકારીએ વરસાદની સ્થિતિ અંગે માહિતી આપી હતી. તેમ જ તથા આગામી સપ્તાહમાં રાજ્યમાં મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના છૂટાછવાયા વિસ્તારમાં ભારે વરસાદની આગાહી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – N.D.R.F. ના અધિકારીએ જણાવ્યું કે, ચોમાસામાં વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા કુલ સાત ટીમ કચ્છ, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, ભાવનગર, નર્મદા અને વલસાડ ખાતે તહેનાત કરવામાં આવી છે. તેમ જ આઠ ટીમ એલર્ટ મૉડ પર છે. આ સાથે જ તમામ રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ – S.D.R.F.ની ટીમ પણ એલર્ટ મૉડ પર છે.

સિંચાઇ વિભાગના અધિકારીએ પ્રદેશ મુજબ સંગ્રહની સ્થિતિ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. રાજ્યના 206 જળાશય પૈકી સુરેન્દ્રનગરના વાંસદ અને ધોળીધજા એમ બે જળાશય હાઈએલર્ટ પર, જ્યારે મોરબીના મચ્છુ-3 જળાશય વૉર્નિંગ પર હોવાનું તેમણે જણાવ્યું હતુ. ઉપરાંત S.S.N.N.L. વિભાગના અધિકારીએ સરદાર સરોવર સંગ્રહ અંગે માહિતી આપવામાં આવી હતી. આ બેઠકમાં વરસાદ અને પાકના વાવેતરની સ્થિતિ અંગે પણ ખાસ ચર્ચા-વિમર્શ કરવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------

- SOURCE – PTC - DURGESH MEHTA – PRAVESH. -(નવીન)

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજથી ત્રણ દિવસ દરમિયાન ભારે વરસાદની આગાહી કરી છે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વધુમાં જણાવ્યું હતું કે, આ પહેલા જ અનેક જિલ્લાઓ અને તાલુકામાં વરસાદ વરસતા ઠંડકનો અનુભવ થયો હતો. તેમ જ રાજ્યના મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો છે.

છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના ભુજમાં નોંધાયું હતું. જ્યારે કંડલા એરપોર્ટ પર 40, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ડીસા, નલિયા, ગાંધીનગર અને વલ્લભવિદ્યાનગરમાં 37, અમદાવાદમાં 36, વેરાવળ અને કંડલા બંદર પર 35 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે અન્ય જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 35 ડિગ્રીથી ઓછું રહ્યું છે.

------------------------------------------------------------------

-`સોર્સ –હવામાન વિભાગ અમદાવાદ - પ્રવેશ

-(નવીન)

# BSF DRUGS PACKET

કચ્છમાં જખૌના દરિયાઈ વિસ્તારમાં સીમા સુરક્ષા દળ – B.S.F.ના જવાનોએ ફરી એક વાર નશીલા પદાર્થના 20 પેકેટ કબજે કર્યા છે.

સીમા સુરક્ષા દળના જવાનોને પેટ્રોલિંગ દરમિયાન આ પેકેટ મળી આવ્યા હતા. આ રીતે અત્યાર સુધીમાં જખૌ વિસ્તારમાંથી સીમા સુરક્ષા દળે 170 થી પણ વધુ નશીલા પદાર્થના પેકેટ કબજે કર્યા છે. હજી પણ સીમા સુરક્ષા દળ ક્રિક અને બંદર પર તપાસ કરી રહ્યું છે.

---

- SOURCE – PTC - KUTCH – PRAVESH.

-(નવીન)

# VARSAD

રાજ્યમાં ગઈકાલે અનેક જગ્યાએ વરસાદ વરસ્યો હતો.

છોટાઉદેપુરના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, સતત ચોથા દિવસે વરસાદ વરસતા ખેડૂતો વાવેલા બિયારણને લાભ થવાનો હોવાથી ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, ગઈકાલે જિલ્લામાં વરસાદ આવતા ચોમાસાનો વિધિવત્ પ્રારંભ થયો હતો. સાંજે એક કલાક સતત વરસાદ વરસતા લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.

કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, જિલ્લામાં ગઈકાલે રાત્રે અનેક સ્થળે વરસાદ વરસ્યો હતો.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, સિહોર અને ગારિયાધારમાં પણ ગઈકાલે એક-એક ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે ગોહિલવાડ પંથક, પાલીતાણા અને જેસરમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. આના કાણે શહેરનું મહત્તમ તાપમાન 34.4 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

આણંદના અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે કે, 10 દિવસની આતુરતા બાદ ચરોતરમાં વરસાદ વરસ્યો હતો. શહેર અને તાલુકામાં સૌથી વધુ દોઢ ઈંચ અને સૌથી ઓછો અડધો ઈંચ વરસાદ ખંભાત તાલુકામાં નોંધાયો હતો.

---

- સોર્સ – પીટીસી – છોટાઉદેપુર – પાટણ –આણંદ, ભાવનગર, કચ્છ, પ્રવેશ

-(નવીન)